## <u>નિયમસંગ્રહ-૩</u>

## (૩)દેખરેખ અને જવાબદારીના માધ્યમ સહીત નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપદ્ધતી

| | | |
|---|---|---|
| * | લાભાર્થીની પાત્રતા | ૧. અરજદાર ૨૧ વર્ષથી ૫૦ વર્ષ સુધીના હોવા જોઇએ.<br>૨. અરજદાર વિચરતી અને વિમુક્ત જાતિના હોવા જોઇએ.<br>૩. અરજદારના કુટુંબની વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તાર માટે રૂ.૩,૦૦,૦૦૦/- સુધીની હોવી જોઇએ.<br>૪. અરજદાર પાસે આધારકાર્ડ અને બેંકમાં અરજદરના નામનું ખાતું હોવુ જોઇએ. |
| * | લાભ અંગેની પૂર્વ જરૂરિયાતો | ૧. નિગમ ધ્વારા વિચરતી અને વિમુક્ત જાતિના ઇસમો માટે સીધા-ધિરાણ યોજના હેઠળ દૈનિક વર્તમાનપત્રોમાં/ સરકારી માધ્યમો ધ્વારા જાહેરાત આપવામાં આવે ત્યારે, ઓનલાઈન નિયત સમય મર્યાદામાં લોન - અરજીપત્રક ભરવાનું રહેશે.<br>૨. અરજીપત્રક ભરી, અરજીપત્રકમાં જણાવેલ સાધનિક કાગળો સહિત જિલ્લા કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવું. |
| * | કાર્યક્રમનો લાભ લેવાની પધ્ધતિ | ૧. અરજદારે સમયમર્યાદામાં ઓનલાઈન અરજીપત્રક ભરવાનું રહેશે.<br>૨. યોગ્ય રીતે ભરી સાધનિક કાગળો સહિત જિલ્લા કચેરીએ સમય મર્યાદામાં રજુ કરવું.<br>૩. નિગમ ધ્વારા અરજીપત્રકની ચકાસણી.<br>૪. જરૂરી સાધનિક કાગળોની પુર્તતા.<br>૫. માન્ય અરજી પત્રકોની ઉદ્યોગ / ધંધા પ્રમાણે યાદી તૈયાર કરવી.<br>૬. લાભાર્થી પસંદગી સમિતિ ધ્વારા લાભાર્થીઓની પસંદગી.<br>૭. લાભાર્થીઓની સ્થળ પર ચકાસણી.<br>૮. લાભાર્થીઓ પાસે જરૂરી દસ્તાવેજીકરણ.<br>૯. લોન/રકમ/વ્યવસાયના પ્રમાણમાં લોન / ધિરાણ<br>૧૦. લોન રીકવરી.<br>૧૧. લોન નિયમિત ભરપાઇ ન થવાના કિસ્સામાં નેગોસીએબલ ઇનસ્ટ્રુમેન્ટ એક્ટ-૧૩૮ હેઠળ કાયદાકીય કાર્યવાહિ |
| * | ક્ષમતા નક્કી કરવા માપદંડો | ૧. મહિલાઓને અગ્રીમતા આપવામાં આવશે.<br>૨. રૂ.૧,૫૦,૦૦૦/- થી ઓછી વાર્ષિક આવક ધરાવતા અરજદારોને અગ્રીમતા આપવામાં આવશે.<br>૩. ભારત સરકારે જાહેર કરેલ (Aspirational Districts) પૈકી રાજ્યના નર્મદા જિલ્લાના અરજદારોને અગ્રીમતા આપવામાં આવશે. |
| * | કાર્યક્રમમાં આવેલ લાભની વિગતો | સીધાધિરાણની યોજના અંતર્ગત વિવિધ વ્યવસાય/ ઉદ્યોગ માટે નિગમની નિયામક મંડળની સમિતિમાં સમાયંતરે નિર્ધારીત કરવામાં આવેલ યુનીટ કોસ્ટ મુજબ પસંદગી પામેલ અરજદારોને સમાયંતરે નિયત કરવામાં આવતા વાર્ષિક વ્યાજ દરથી લોન આપવામાં આવશે. તેમજ જો નિયમિત હપ્તા ન ભરે તો બાકી હપ્તા પર સમાયંતરે નિયત કરવામાં આવતા દંડનીય વ્યાજ વસુલ કરવામાં આવશે. આ યોજના હેઠળ સહાય (સબસીડી) ની કોઇ જોગવાઇ નથી. |
| * | સહાયકી વિતરણની કાર્યપધ્ધતિ | ૧. નિગમ અમલિત યોજનાઓમાં નિગમ ધ્વારા વ્યવસાય/ ઉદ્યોગ શરૂ કરવા માટે RTGS/NEFT થી લોનની રકમ ચુકવવામાં આવશે.<br>૨. કોઇ સંજોગોમાં જિલ્લા મથકે / જાહેર સ્થળે સરકારી કાર્યક્રમથી લાભાર્થીઓને રૂબરૂમાં લોનનું વિતરણ કરવામાં આવશે. |
| * | અરજી કયાં કરવી કે અરજી કરવા માટે કચેરીમાં કોનો સંપર્ક કરવો. | દૈનિક વર્તમાનપત્રોમાં/ સરકારી માધ્યમો ધ્વારા જાહેરાત આપવામાં આવે ત્યારે, ઓનલાઈન નિયત સમય મર્યાદામાં અરજીપત્રક ભરવાનું રહેશે.<br>અરજીપત્રક ભરી, અરજીપત્રકમાં જણાવેલ સાધનિક કાગળો સહિત જિલ્લા કચેરીમાં સમય મર્યાદામાં રજુ કરવું |
| * | અરજી ફી | જાહેરાત આપ્યા બાદ જાહેરાતમાં જણાવ્યા મુજબ |
| * | અન્ય ફી | લાભાર્થીની પસંદગી / ચકાસણી બાદ યોગ્ય ઠરેલ લાભાર્થીને દસ્તાવેજીકરણ અને સ્ટેશનરી ચાર્જ પેટે સમયાંતરે નકકી કરવામાં આવે તે ફી ચુકવવાની રહેશે. |
| * | અરજીપત્રકનો નમુનો | જાહેરાત આપ્યા બાદ બહાર પાડવામાં આવે છે. |

| | | |
|---|---|---|
| * | બિડાણોની યાદી | **<u>અરજદારે અરજીપત્રક સાથે નીચેના સાધનિક કાગળો રજૂ કરવાના રહેશે.</u>**<br>૧. વાર્ષિક આવક/ જાતિના સક્ષમ અધિકારીના દાખલાની નકલ.<br>૨. રેશનકાર્ડ/ લાઈટ બિલ/ચુંટણી કાર્ડની નકલ.<br>૩. આધારકાર્ડની નકલ<br>૪. અરજદારનું એલ.સી / જન્મનું પ્રમાણપત્ર/ મેડીકલ ઓફીસરનું પ્રમાણપત્ર<br>૫. તાજેતરનો અરજદારનો પાસપાર્ટ સાઇઝનો ફોટો.<br>૬. મેળવેલ લાયકાતના પ્રમાણપત્રની નકલ.<br>૭. વ્યવસાય/ ઉદ્યોગની આવડત/ ક્વોટેશન/ અનુભવ અંગેના પ્રમાણપત્રો.<br>૮. વ્યવસાયના સ્થળ અંગે સંબંધિત સત્તાધિકારી પાસેથી મેળવેલ લાયસન્સની નકલ.<br><br>**<u>અરજદારની અરજી લાભાર્થી પસંદગી સમિતિ ધ્વારા મંજુર થતાં નીચે દર્શાવેલ દસ્તાવેજો રજૂ કરવાના રહેશે.</u>**<br>૧. અરજદાર અને જામીનદારના નિયમ મુજબ સોંગધનામા<br>૨ અરજદાર અને જામીનદારોના મિલકત અંગેના જરૂરી આધાર - પૂરાવા.(૭/૧૨ અને ૮-અ ના ઊતારા અથવા મકાનની અસલ આકારણી અને વેરાપહોંચ)<br>૩. રાષ્ટીયકૃત બેંકના ત્રણ થી દસ પોસ્ટ ડેટેડ ચેક |
| * | પ્રક્રિયાને લગતી સમસ્યાઓ અંગે કયાં સંપર્ક કરવો. | ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ, બ્લોક નં.-૧૯ , બીજો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર. પીન.કોડ નં- ૩૮૨૦૧૦, ટપાલથી કે ટેલીફોનથી સંપર્ક કરી શકાય. આ ઉપરાંત દરેક જિલ્લા મથકે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિ.જા) /જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (વિ.જા)ની કચેરીનો સંપર્ક રૂબરૂ / ફોન કે ટપાલથી કરી શકાય. |